જા.નં.મા-૪/સેમિનાર/૨૦૨૧-૨૨/ ૧૧૫૮ /

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/3,જિલ્લા સેવા સદન
અઠવાલાઈન્સ, સુરત
તા.૦૩/૦૮/૨૦૨૧

પ્રતિ,
પ્રમુખશ્રી,
સુરત શહેર-જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ,
૧૦૧, પરિવાર એપાર્ટમેન્ટ, બરફીવાલા કોલેજની સામે,
સુમુલ ડેરી રોડ, સુરત

વિષય -:શૈક્ષણિક સેમિનારની મંજૂરી બાબત
સંદર્ભ-: આપનો તા.30/07/2021 નો પત્ર

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત શહેર/જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ તથા જીલ્લા શિક્ષણાધિકારી સુરતના સંયુક્ત ઉપક્રમે નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨ માં શૈક્ષણિક સેમિનાર યોજવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨.૦૭.૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ (૧૪) અનુસાર હાજર રહેલ કર્મચારી દીઠ ડેલીગેશન ફી રૂ.૨૦૦/- અંકે રૂ. બસો પુરા મંજુર કરવામાં આવે છે. જે ગ્રાન્ટના હેતુ માટે માન્ય રહેશે. એક શાળા દીઠ વધુમાં વધુ ચાર શિક્ષકો સેમિનારમાં હાજર રહી શકશે. ચારથી વધુ શિક્ષકો હાજર રહેનાર શિક્ષકોનો ખર્ચ સંસ્થાએ પોતે ભોગવવાનો રહેશે. ડેલીગેશન ફી અંગેની રસીદ અને હાજર રહ્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવો.

સેમિનારનું સ્થળ :- માલીબા કોલેજ, બારડોલી-મહુવા રોડ, તા.બારડોલી, જિ.સુરત

તારીખ :- ૨૬/૦૮/૨૦૨૧

વક્તા :- શ્રી મહેશભાઈ મહેતા સાહેબ, ડેપ્યુટી ડાયરેક્ટર, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ-સુરત

**નકલ રવાના :**

આચાર્યશ્રી/આચાર્યાશ્રી
સુરત શહેર/જિલ્લામાં સમાવિષ્ટ ફક્ત અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ